**તા.૧૫/૦૧/૨૦૧૮**

# <u>પ્રેસ નોટ</u>

**મ્યુનિ. કમિશનરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર, પાલ, પાલનપુર, અડાજણ, જહાંગીરાબાદ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઈ નહી કરનાર મિલકતોને સીલ કરવાની અને મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૩૧ જેટલા ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેમાં જહાંગીરાબાદ ખાતે ગંગાનગર સોસાયટીમાં ૧૧ પ્લોટ, ભેંસાણ/પાલનપોર વિસ્તારમાં જુદી–જુદી જગ્યાએ ૭ પ્લોટ, અડાજણ વિસ્તારમાં માધવવીલા રો–હાઉસ, રત્નમણી રો–હાઉસ, રીવર બેંક સોસાયટી વિગેરે જુદી–જુદી જગ્યાએ ૫ પ્લોટ, પાલ/હજીરા રોડ વિસ્તારમાં ૮ પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જે પૈકી ૧૧ પ્લોટની રૂા.૨,૭૫,૬૪૧/–ની વસુલાત થયેલ છે.**

**વધુમાં, કુલ ૨૩ જેટલી મિલ્કતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૬ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂા.૧,૪૦,૩૭૦/– જેટલી રકમની વસુલાત થયેલ. જયારે ૧૭ જેટલી મિલ્કતોને સીલ કરેલ.**

## સીલ કરેલ મિલ્કતોની યાદી

| ક્રમ. | વિસ્તાર |
|---|---|
| ૧ | દુકાન નં.૨૦૮, મોર્ડન શોપી, રાંદેર રોડ. (દુકાન–૧) |
| ૨ | જલારામ જયોત એપાર્ટમેન્ટ, રામનગર– રાંદેર રોડ. (દુકાન–૧) |
| ૩ | બેઝમેન્ટ–૧, ૨ અલીફ કોમ્પલેક્ષ, રાંદેર બસ સ્ટોપ પાસે, રાંદેર રોડ. (દુકાન–૨) |

| | |
|---|---|
| ૪ | ૯/૫૮, ૯/૫૯, બોરવાડા, રાંદેર. (રહેણાંક–૨) |
| ૫ | રીલાયન્સ ઈન્ડ.લી., દુકાન નં.૧,૨,૩ સહયોગ ટાવર, અડાજણ. (દુકાન–૩) |
| ૬ | દુકાન નં.સી.એલ.૧,૨ સર્મથ પાર્ક, અડાજણ. (દુકાન–૨) |
| ૭ | દુકાન નં.જી.૬/૭, અક્ષરજયોત શોપીંગ કોમ્પલેક્ષ, અડાજણ. (દુકાન–૧) |
| ૮ | દુકાન નં.એફ/૧, વિશ્વા નગર સોસાયટી, અડાજણ. (દુકાન–૧) |
| ૯ | દુકાન નં.એસ/એફ.૨૨૫, સાંઈ સ્કેવર શોપીંગ કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ, અડાજણ. (દુકાન–૧) |
| ૧૦ | બિલ્ડીંગ– એ/૩૦૧, પી/૧૦૩, પી/૫૦૪ નિલકંઠ રેસીડન્સી, પાલોનપોર ગામ. (રેહાણાંક–૩) |
| | **કુલ મિલ્કતો–૧૭** |

**રાંદેર ઝોનના આકારણી અને વસુલાત ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં રાંદેરઝોન ખાતે છેલ્લા ૧૫ દિવસમાં રૂપિયા ૧.૬૩ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા.૧૪/૦૧/૨૦૧૮ સુધીમાં રૂપિયા કુલ ૬૬ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.**

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓ, સિનિયર સીટીઝનો, દિવ્યાંગો અને અંધજનો માટે બસ ભાડામાં કન્સેશન આપવાની જાહેરાત કરવામાં આવેલ છે જે મુજબ વિદ્યાર્થીઓ અને દિવ્યાંગોને બસભાડામાં ૪૦%, સિનિયર સીટીઝનોને ૨૫% તથા અંધજનોને ફ્રીમાં મુસાફરી કરવા માટે બસ પાસની સેવા સુરત સીટીલિંક લિ. દ્વારા શરૂ કરવામાં આવનાર છે જેના માટે બસ પાસ મેળવવા માટેના અરજી ફોર્મ બી.આર.ટી.એસ. બસના નીચે મુજબના બસ સ્ટેશનો ઉપરથી અથવા તો સુરત મહાનગરપાલિકાની વેબસાઇટ (www.suratmunicipal.org) ઉપરથી ડાઉનલોડ કરી શકાશે તેમજ આ અરજી ફોર્મ નિયત કરેલ બી.આર.ટી.એસ. બસ સ્ટેશનો ઉપર સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધીમાં જમા કરાવવાના રહેશે. તેમજ બસ પાસ મેળવવાની અરજી મંજુર થયેથી અરજદારને બસ પાસ મેળવી લેવા તથા જરૂરી ફી ભરવા માટે જાણ કરવામાં આવશે જે સુરત સીટીલિંક લિ. ની મુગલીસરા ખાતેની કચેરીમાંથી આપવામાં આવશે.

| અનુ. નં. | બસ સ્ટેશનનું નામ | અનુ. નં. | બસ સ્ટેશનનું નામ |
|---|---|---|---|
| ૧ | રેલ્વે સ્ટેશન ટર્મિનલ | ૯ | ગજેરા સર્કલ બસ સ્ટેશન |
| ૨ | ચોક ટર્મિનલ | ૧૦ | ડી.જી.વી.સી.એલ. કાપોદરા |
| ૩ | ખરવરનગર BRT | ૧૧ | સરથાણા નેચર પાર્ક બસ સ્ટેશન |
| ૪ | એસ.વી.એન.આઇ.ટી. કોલેજ બસ સ્ટેશન | ૧૨ | કામરેજ ટર્મિનલ |
| ૫ | અડાજણ પાટિયા બસ સ્ટેશન | ૧૩ | અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક |
| ૬ | નવયુગ કોલેજ બસ સ્ટેશન | ૧૪ | આસપાસ દાદા ટેમ્પલ |
| ૭ | અડાજણ ગામ બસ સ્ટેશન | ૧૫ | ઉન ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ |
| ૮ | બાપાસીતારામ ચોક બસ સ્ટેશન | ૧૬ | વી.એન.એસ.જી.યુનિવર્સીટી |

સુરત મહાનગરપાલિકા દ્વારા બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થી મિત્રો, શહેરના વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે બસ પાસના ફોર્મના વિતરણ તા. ૧૭/૦૧/૨૦૧૮ ના રોજથી કાર્યાન્વિત કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતિ.

# સેન્ટ્રલ ઝોન

# સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોનમાં મોરબી ટંકારા મેમણ હોલ માં સીલ કાર્યવાહીની વિગત

સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૧૬૫, ૧૧૮૦, ૧૧૮૧ વાળી મિલ્કતમાં રહેણાંક હેતુ માટે વિકાસ પરવાનગીના પ્લાનો તા.૦૮/૦૩/૨૦૧૭ના રોજ મંજુર કરવામાં આવેલ. સ્થળ ઉપર આ મિલ્કતોમાં મંજુર પ્લાનથી વિરૂધ્ધ વાણિજયક હેતુ માટેના, કોમ્યુનીટી હોલનું બાંધકામ મિલ્કદારો  દ્વારા શરૂ કરી, આ મિલ્કતનો સરિયામ હેતુફેર કરી લગ્ન તથા સામાજીક પ્રસંગો માટે ઉપયોગ કરવાનું શરૂ કરાતા આ મિલ્કતની આજુ બાજુના રહેવાસીઓને પાર્કિંગની સમસ્યા તથા ઘોંઘાટની સમસ્યા નડતા સેન્ટ્રલ ઝોન કચેરીએ ફરિયાદ કરવામાં આવેલ.

ફરિયાદના અનુસંધાનમાં સેન્ટ્રલ ઝોન કચેરી દ્વારા સ્થળ તપાસ કરી, મિલ્કતમાં હેતુફેર થયો હોય, આ મિલ્કતને સ્થળ ઉપર સીલ મારી વપરાશ માટે બંધ કરવામાં આવી છે.

# સેન્ટ્રલ ઝોન

# સુરત મહાનગરપાલિકા

સેન્ટ્રલ ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં મહિધરપુરા, બંદુગરાના નાકે વોર્ડ નં. ૬, નોંધ નં. ૨૭૧૮ વાળી મિલ્કતના મિલ્કતદાર નામ–અમૃતલાલ નરભેરામ જોષી, સેન્ટ્રલ ઝોન ખાતે સી.ઝેડ/આ.નં.૨૩૩, તા.૦૪/૦૧/૧૬ થી બાંધકામના પ્લાન મંજુર કરાવેલ. જે મંજુર પ્લાનની રજાચિટ્ઠી રીન્યુલ કરાવ્યા સિવાય, તેમજ આજુબાજુની માલ–મિલ્કતની સલામતીના પુરતા પગલા લેવાની કાળજી રાખ્યા વિના, મિલ્કતદારે સ્થળ પર જુની મિલ્કત ઉતારીને નવા બાંધકામ કરવાના ઈરાદાથી ફુટીંગ કરવા ખોદાણ કરેલુ. જે ખોદાણના કારણે લાગુ નોંધ નં.૨૭૧૭ વાળી અંદાજે ૪૦ વર્ષ પહેલાની જુના બાંધકામવાળી આર.સી.સી.મિલ્કત એક તરફે નમી પડતા, આ મિલ્કત રહેવા લાયક તથા આજુબાજુના રહેવાસીઓ તથા રાહદારીઓ માટે જોખમ થતા સદર મિલ્કત ઉતારી લેવાની કાર્યવાહી સેન્ટ્રલ ઝોનના સ્ટાફ, સુરત મહાનગરપાલિકા ફાયર બિગ્રેડ તથા મહિધરપુરા પોલીસ સ્ટેશનના કર્મચારી–અધિકારીની હાજરીમાં સદર મિલ્કતને વધુ ઢળતી અટકાવવા પ્રથમ ગર્ડરના સપોર્ટ આપવાની અને ત્યારબાદ મિલ્કતને ઉતારવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

આ નવી મિલ્કતની કામગીરીના પ્લાન રજુ કરનાર એન્જીનીયર મોકાણી નિરવ એમ. લાયસન્સ નં.એસએમસી/ટીડીઓ/ઈઆર/૧૦૮૬ ને તથા સ્ટ્રકચર એન્જીનીયર હેકશન હેકટર ક્રિશ્ચન લાયસન્સ નં.એસએમસી/ટીડીઓ/એસટીડીઆર/૩૩૭ ને કામગીરીમાં નિષ્કાળજી દાખવવા બદલ તથા જી.ડી.સી.આર.ની જોગવાઈઓનાં ભંગ બદલ **તાત્કાલિક અસરથી તેઓનાં લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવેલ છે.**

# :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તકમેળાના સેમીનાર હોલમાં યોજાનાર સ્પર્ધાઓ.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૮ થી તા.૨૮/૦૧/૨૦૧૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે વિવિધ સ્પર્ધાઓ અને સાંજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૫/૦૧/૨૦૧૮ના રોજ ધો.૬ થી ૧૦ની નિબંધ સ્પર્ધા અને તા.૨૭/૦૧/૨૦૧૮ના રોજ ધો.૧ થી ૪ની રંગપુરણી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ બંને સ્પર્ધાઓમાં ભાગ લેવા અંગેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૨૪/૦૧/૨૦૧૮ સુધી પરત કરવાના રહેશે. આ સ્પર્ધાઓના ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ મળી શકશે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે આજ રોજ કુલ આશરે ૧૨૪ મિલ્કતોમાં રીકવરી કરતા અમરોલી,છાપરાભાઠા,ગણેશપુરા,વેડ રોડ પડોળ મળી કુલ ૨૪ મિલ્કતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂા.૧૨,૧૫,૬૭૬/–ની વસુલાત કરવામાં આવેલ હતી તથા કુલ ૭૫૬ કરદાતાઓ પાસેથી રૂા.૩૫,૦૩,૬૮૯/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વ્યવસાય વેરા વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ દરમ્યાન તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૧૬/૦૧/૨૦૧૮ દરમ્યાન કુલ ઈ.સી. કરદાતાઓ પાસેથી રૂા.૨૧,૮૭,૭૮૨/– તથા આર.સી.કરદાતાઓ પાસેથી રૂા.૧,૨૬,૪૩,૨૮૯/– નો વ્યવસાય વેરો વસુલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ–વેસ્ટ(અઠવા)
# અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૮/૦૧/૧૮ ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે ભટાર રોડ શિતલ શોપીંગ સેન્ટર, અલથાણ એટલાન્ટ્રા એન્ટરપાઈઝ, મેઘન્સ, અઠવાલાઈન્સ ૭, રિવિહાર એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ,બંગલાનં.૮ નર્મદ નગર સોસાયટી વિસ્તારોમાં કુલ ૧૧ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે.

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ–વેસ્ટ(અઠવા)**
**અખબારી યાદી**

**વિષય :** આકારણી વિભાગ દ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૮/૦૧/૧૮ ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે ભટાર રોડ શિતલ શોપીંગ સેન્ટર, અલથાણ એટલાન્ટ્રા એન્ટરપાઈઝ, મેઘન્સ, અઠવાલાઈન્સ ૭, રિવિહાર એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ,બંગલાનં.૮ નર્મદ નગર સોસાયટી વિસ્તારોમાં કુલ ૧૧ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં...691...
તા.૧૮/૦૧/૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત–મુંબઈ મેઈન લાઈન અને ભેસ્તાન ભૂસાવલ લુપ લાઈન પર ભેદવાડ ખાડી પાસેથી પસાર થતા ૪૫ મીટર પહોળાઈના મીડલ રીંગરોડ પર ભેદવાડ તથા ડીંડોલી વિસ્તારને જોડતા રેલ્વે ઓવર બ્રિજની લોકાર્પણવિધિ તથા વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂા.૩૦૧.૫૧ કરોડના ખર્ચે સાકારિત વિવિધ પ્રકલ્પોના લોકાર્પણની તકતીઓની અનાવરણવિધિ અને અંદાજિત રૂા.૧૯૨.૨૭ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્હસ્તે આજરોજ પ્રમુખ પાર્ક સોસાયટી પાસે,ભેદવાડ ખાડી નજીક પાંડેસરા સુરત–નવસારી મેઈન રોડ,સુરત ખાતે સાંજે ૦૬:૩૦ કલાકે સંપન્ન થયેલ છે.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી નવી સરકારના સુકાની તરીકે પુનઃપસંદગી પામ્યા છે તે બદલ શુભેચ્છા પાઠવી હતી. સુરત મહાનગરપાલિકા વિશ્વમાં ખુબ ઝડપથી વિકાસ પામી રહેલા વિશ્વમાં ૪થા નંબરનું શહેર છે આ સુરતની આર્થિક પાર્ટનગર તરીકે ગણના થયા છે સુરત–મુંબઈ મેઈન લાઈન અને ભેસ્તાન ભુસાવલ લુપ લાઈન પર ભેદવાડ ખાડી પાસે ભેદવાડ અને ડીંડોલીને જોડતા રેલ્વે ઓવર બ્રિજનાં લોકાર્પણથી વરાછા મેઈન રોડથી સુરત–નવસારી રોડ તરફ જવા આવવા માટે વધુ એક માર્ગ ઉપલબ્ધ થશે આ વિસ્તારની ટ્રાફિક સમસ્યા હલ થશે.સુરત મહાનગરપાલિકાના શાસકો ધ્વારા છેવાડાના માનવી સુધી જરૂરી આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવા દરેક વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો,મેટરનીટી હોમ,હોસ્પિટલોની સુવિધા પુરી પાડી રહી છે.સુરત શહેરના અતિઝડપી વિકાસના કારણે લોકોને પ્રાથમિક સુવિધાઓ આપવા ઉપરાતં વૈશ્વિક કક્ષાની સ્માર્ટ સીટીને અનુરૂપ અન્ય સુવિધાઓ પુરી પાડવામાં તરફ આગળ આવી રહયું છે.

આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ શાલ તથા પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ.

આ પ્રસંગે માન.સાંસદ શ્રી સી.આર.પાટીલએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે આજે લોકાર્પિત થયેલ બ્રિજના નિર્માણથી ટ્રાફિકની સમસ્યા હલ થશે અને લોકોના અવર–જવરના સમયમાં ઘટાડો થશે સુરત શહેર વિશ્વમાં વિકાસ કામોમાં પ્રથમ નંબરે રહેવા માટે જ ટેવાયેલું છે.તેમણે જણાવ્યું હતુ કે સુરત શહેરની એક વિશેષતા એ છે કે સુરત શહેર હાથ લાંબો કરે છે ત્યારે

આપવા માટે જ કરે છે માંગવા માટે  આ શહેર હાથ લાબા કરતુ નથી તે આ શહેરના લોકોની વિશેષતા છે.

ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે સુરત શહેર વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહયું છે.આજકાલ ૪૦૦ અને ૫૦૦ કરોડના કામો  એક સાથે થાય છે તેનું નામ જ વિકાસ છે. સુરત શહેર ફલાય ઓવર બ્રિજની નગરી તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે તે બદલ તેમણે પદાધિકારીઓ અને અધિકારીઓને અભિનંદન પાઠવેલ.શહેરોનો હરળફાળ વિકાસ થઈ રહયો છે શહેરના તમામ વિસ્તારમાં  પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા કામ કરી રહી છે. રેલ્વે ફાટક બંધ રહેવાથી બિમાર,અશકત અને સમયસર કામ પર પહોંચવા માટે આ વિસ્તારના રહેવાસીઓએ  રાહ જોવી પડતી હતી પરંતુ આ બ્રિજના નિર્માણથી તેઓ સમયસર પોતાના કામના સ્થળે પહોંચી શકશે અને ટ્રાફિકની સમસ્યાઓ પણ હલ થશે સુરત શહેર બ્રિજ કનેકટીવીટી અને રસ્તાઓની કનેકટીવીટીમાં ખુબ જ ઝડપથી આગળ વધી રહયું છે.દુનિયાના આધુનિક શહેરોમાં વનલેન,ટુલેન,થ્રી લેન,ફોર લેન બ્રિજો વિદેશમાં જોવા મળે છે આવનારા  દિવસોમાં સુરતમાં પણ આવા બ્રિજો જોવા મળશે. આવનારા દિવસોમાં દુનિયાના આધુનિક શહેરોમાં ગણના થશે.

ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ અન્ય મહાનુભાવોએ વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણની તકતીની અનાવરણવિધિ કરી હતી.

કાર્યક્રમના અંતે ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલીએ ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરેલ.

આ પ્રસંગે માન.કેબિનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા, માન.કેબિનેટ મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર, માન.ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી , માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિનુભાઈ ઝાલાવડીયા, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, માન.પોલીસ કમિશનર શ્રી સતિષ શર્મા,માન.કલેકટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યમાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.








Sound


Super Sound


Super Sound


સુરત મહાનગરપાલિકા
શ્રી વિજયભાઈ રૂપાણી

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૨/૦૧/૨૦૧૮ થી તા.૧૮/૦૧/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૨૯૯ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૫૪ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૪ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૭ |

# **<u>પ્રેસ નોટ</u>**

**સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા બાકી મિલકત વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૧/૦૧/૧૮ થી તા.૧૭/૦૧/૧૮ દરમિયાન હાથ ધરતાં બાકી મિલ્કતદારો પૈકી વોર્ડ નં–૧ થી વોર્ડ નં.૧૨ માં નળકનેકશન કાપવા તેમજ સીલ મારવા બાબતની કામગીરી દરમિયાન ૧૦ નળ કનેકશન તથા ૩૮ મિલ્કતને સીલ કરવામાં આવેલ છે તેમજ સદર વેરા વસુલાત સઘન ઝુંબેશ દમિયાન કુલ રૂા.૭૫,૫૬,૨૬૯/– વેરો સ્થળ ઉપર વસૂલ કરવામા આવેલ છે.**

# <u>સુરત મહાનગરપાલિકા</u>
# <u>સાઉથ–વેસ્ટ(અઠવા)</u>
# <u>અખબારી યાદી</u>

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૯/૦૧/૧૮ ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે ભટાર રોડ શિતલ શોપીંગ સેન્ટર, મેઘન્સ, ઉમા ઈન્ડ્રસ્ટી ભટાર, વેસુ વેસ્ટન બિઝનેશ પાર્ક, રાજ મંદિર કોનર, રૂંઢ વિસ્તારોમાં કુલ ૭૦ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂા.૩,૫૫,૬૭૩/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

૬૯૬

# <u>પ્રેસ નોટ</u>

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી પાંડેસરા તેમજ ભેસ્તાન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે અંતર્ગત તા.૧૯/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૧૧ મિલકતોને સીલ મારવામાં આવેલ છે તેમજ ૫૬ થી વધુ ઓપન પ્લોટો પર જપ્તી / ટાંચમાં લેવાના બોર્ડ લગાવવામાં આવેલ છે તેમજ સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.૨૭,૫૦,૪૭૦/– મિલકત વેરો વસુલ કરવામાં આવેલ છે. તથા તા.૧૭/૦૧/૨૦૧૮ થી ૧૯/૦૧/૨૦૧૮ સુધીના ત્રણ દિવસમાં કુલ રૂા.૨,૬૧,૦૦,૦૦૦/– જેટલી માતબર રકમની વસુલાત ઉધના ઝોને કરેલ છે.

તેમજ વ્યવસાયવેરા વિભાગ ધ્વારા કુલ ૨૯ મિલકતોને નોટીસ આપી ૪ નવી એન્ટ્રીઓ દાખલ કરી કુલ રૂા.૫,૩૫,૮૦૩/– ની વસુલાત કરેલ છે. અને તા.૧૭/૦૧/૨૦૧૮ થી ૧૯/૦૧/૨૦૧૮ સુધીના ત્રણ દિવસમાં કુલ રૂા.૨૮,૨૭,૦૦૦/– જેટલી રકમની મોટી વસુલાત ઉધના ઝોનના વ્યવસાય વેરા વિભાગે કરેલ છે. સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

## <u>નોર્થઝોન (કતારગામ)</u>

## <u>સુરત મહાનગરપાલિકા</u>

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે છેલ્લા ત્રણ દિવસમાં કુલ આશરે ૫૪૭ મિલ્કતોમાં રીકવરી કરતા

સાંઈ પેલેસ, સરદાર નગર પાછળ, કોસાડ રોડ.
પંડોલ સોસા. વેડ રોડ, કતારગામ.
રત્નાસાગર કોમ્પ્લેક્ષ, વેડ રોડ, કતારગામ.
કિષ્ના એપાર્ટ., મઘુવન સોસાયટી,છાપરાભાઠા મેઈન રોડ
કૃષ્ણકુંજ કોમ્પલેક્ષ, સિધ્ધાર્થ સોસાયટી, સાયન રોડ,
ગોપાલ શોપીંગ સેન્ટર, છાપરાભાઠા
શ્રી રામ એપાર્ટ., વિહાર સોસાયટી, સીંગણપોર રોડ
કુબેરનગર સોસાયટી, કતારગામ–૨
એવેલોન કોમોર્શીયલ હબ, આંબાતલાવડી
રીવરવ્યુ સોસાયટી, ટુંકી

વિગેરે વિસ્તાર, મળી કુલ ૫૯ મિલ્કતોને સીલ કરવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂા.૨૫,૧૭,૫૭૮/–ની વસુલાત કરવામાં આવેલ હતી અને રૂા. ૩૩,૪૭,૨૫૦ના એડવાન્સ ચેક તથા કુલ ૧૮૯૯ કરદાતાઓ પાસેથી રૂા.૧,૯૪,૭૨,૫૩૧/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

વ્યવસાય વેરા વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ દરમ્યાન કુલ ૨૦૧ ઈ.સી. કરદાતાઓ પાસેથી રૂા.૫,૧૯,૫૨૪/– તથા ૧૨૮ આર.સી. કરદાતાઓ પાસેથી રૂા.૭,૪૮,૩૧૨/– નો વ્યવસાય વેરો વસુલ કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭–૧૮ દરમ્યાન હાલમાં બાકી હપ્તાની રીકવરીની ઝુંબેશ દરમ્યાન તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૧૯/૦૧/૨૦૧૮ સુધી કુલ રૂા.૭૭,૪૯,૪૫૨/– વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી પાંડેસરા તેમજ ભેસ્તાન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે અંતર્ગત તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૫૫ મિલકતો પૈકી ૧૮ મિલકતોને સીલ મારવામાં આવેલ છે. તેમજ સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.૨૦ લાખથી વધુ મિલકત વેરો વસુલ કરવામાં આવેલ છે. તથા આજરોજ રૂા.૪૦,૨૫,૦૦૦/– વસુલાત ઉધના ઝોને કરેલ છે.

તેમજ વ્યવસાયવેરા વિભાગ ધ્વારા કુલ ૧૩ મિલકતોને નોટીસ આપી ૮ નવી એન્ટ્રીઓ દાખલ કરી કુલ રૂા.૨,૬૩,૨૩૧/– ની વસુલાત કરેલ છે તથા આજ રોજ રૂા.૬,૯૮,૪૨૯/– વસુલાત ઉધના ઝોનના વ્યવસાયવેરા વિભાગે કરેલ છે. સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૧મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૧૮ના રોજ યોજાનાર પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૧મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પાંજલી સહ વંદના બાદ શાળાના વિદ્યાર્થીઓ સુભાષચંદ્ર બોઝના જીવન પર વકતવ્ય રજુ કરશે. આ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને ગોપીપુરા સુભાષચોક ખાતે ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. ૬૯૯ , તા.૨૦/૦૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વેશભૂષા અને ચિત્રકામ સ્પર્ધા"

વિષય: ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વેશભૂષા અને ચિત્રકામ સ્પર્ધાનું પરિણામ

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૯/૦૧/૨૦૧૮, શુક્રવારના રોજ રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ધો.૫ થી ૮ની ચિત્રકામ સ્પર્ધા બપોરે ૧૨.૦૦ કલાકે અને ધો.૧ થી ૪ ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની વેશભૂષા સ્પર્ધાનું આયોજન બપોરે ૨.૩૦ કલાકે સ્કુલ ચિલ્ડ્રન હોલ, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. બંને સ્પર્ધાઓ મળી કુલ ૩૦૦થી પણ વધુ બાળકોએ ભાગ લીધેલ હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| ચિત્રકામ સ્પર્ધા | | |
|---|---|---|
| **વિજેતા** | **નામ** | **શાળાનું નામ** |
| **પ્રથમ** | પરમાર ધ્રુવ હિતેશભાઈ | શાંતિનિકેતન વિદ્યાવિહાર |
| **દ્વિતીય** | પટેલ શ્રુતિ કમલેશભાઈ | સંસ્કારભારતી વિદ્યાલય |
| **તૃતીય** | પટેલ જીનલ શરદભાઈ | સંસ્કારભારતી વિદ્યાલય |

| વેશભુષા હરિફાઈ | | |
|---|---|---|
| **વિજેતા** | **નામ** | **શાળાનું નામ** |
| **પ્રથમ** | પટેલ હેરી સુનિલભાઈ | એલ.એચ.બોઘરા (શિશુવિહાર) પ્રા. શાળા |
| **દ્વિતીય** | પટેલ ઝેની નરેશભાઈ | શ્રીમતી ડી. આર. રાણા વિદ્યાસંકુલ |
| **તૃતીય** | જાવિયા દ્રષ્ટિ ચંદ્રશભાઈ | શ્રીમતી ડી. આર. રાણા વિદ્યાસંકુલ |

સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિજેતા થયેલ સ્પર્ધકોને તા.૨૬/૦૧/૨૦૧૮ના રોજ રાંદેર ઝોન : જોગાણીનગર પાર્ટી પ્લોટ, ટી.પી. ૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.૧૩૨, "જ્યોતીન્દ્ર દવે ઉદ્યાન"ની બાજુમાં, હનીપાર્ક ચાર રસ્તા, અડાજણ, સુરત ખાતે યોજાનાર ધ્વજવંદન બાદ સન્માન સમારોહ કાર્યક્રમમાં મા.મેયરશ્રીના વરદહસ્તે સન્માનિત કરવામાં આવશે. વિજેતાઓને ઉપરોક્ત ધ્વજવંદન સ્થળે સવારે ૮.૩૦ કલાકે સમયસર ઉપસ્થિત રહેવા માટે નોંધ લેવી.

સમાચારયાદી નં. 700
તા.૨૦/૦૧/૨૦૧૮.
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા.




ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૮ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૯/૦૧/૨૦૧૮ના રાંજ સ્કુલ ચિલ્ડ્રન હોલ, અડાજણ, સુરત ખાતે યોજાયેલ વેશભુષા અને ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લઈ રહેલા સ્પર્ધકો દ્રશ્યમાન છે.

૭૦૧

# <u>પ્રેસનોટ</u>

**<u>(૧). મોજે. ઉધના, ઉધોગનગર સહકારી સંઘ લી., રોડ નં. " ૦ " પર મૂકવામાં આવેલ ૨૪.૩૬ મી. લાઈનદોરીનું અમલીકરણમાં કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા શહેરવિકાસ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે. ઉધના, ઉધોગનગર સહકારી સંઘ લી., રોડ નં. "૦" પર મૂકવામાં આવેલ ૨૪.૩૬ મી. લાઈનદોરીનું અમલીકરણ કરવાના કામ સારૂ આજરોજ તા. ૨૦/૦૧/૨૦૧૮** થી સ્થળ પર સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રી–૦૧, ડે.ઈજનેરશ્રી– ૦૩, જુ./આસી. ઈજનેરશ્રી– ૦૫, સુપરવાઈઝર/ટેક.આસી.–૦૨, દબાણ વિભાગનો સ્ટાફ– ૧૩, ટાઉન પ્લાનીંગ વિભાગમાંથી શહેરવિકાસ અધિકારી–૦૧, ડે.ટાઉન પ્લાનરશ્રી–૦૧, આસી. ટાઉન પ્લાનરશ્રી–૦૨, સુરત મહાનગરપાલીકા સિકયોરીટી સ્ટાફ– ૨૭, સુરત મહાનગરપાલીકા ફાયર સ્ટાફ– ૧૦, ઉધના પોલીસ સ્ટેશનનો સ્ટાફ પોલીસ ઈન્સપેકટર સહિત– ૪૯, કોન્ટ્રાકટ એજન્સીનો સ્ટાફ– ૩૦ મળી **કુલ સ્ટાફ– ૧૪૪** તેમજ જે.સી.બી.– ૦૨, ટ્રકો– ૦૪, દબાણ વિભાગની ગાડી–૦૧, ફાયર ફાઈટર–૦૧, ઈમરજન્સી રેસકયુ વાહન–૦૧, એમબ્યુલન્સ–૦૧ ની મદદથી હાલ મોજે. ઉધના, ઉધોગનગર સહકારી સંઘ લી., રોડ નં. " ૦ " પર મૂકવામાં આવેલ ૨૪.૩૬ મી. લાઈનદોરીનું અમલીકરણ કરવાના કામ સારૂ જવાહર રોડથી સેન્ટ્રલ રોડ સુધીના ૨૪.૩૬ મી. લાઈનદોરીની કપાતમાં આવતી **કુલ દુકાનો–૧૭** નું ડીમોલીશન કરી આશરે **૩,૦૦૦ ચો.ફૂટ** રસ્તાની જગયાનો કબજો મેળવવામાં આવેલ છે. આમ, તા.૧૯/૦૧/૨૦૧૮ તથા તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ સદરહું કામગીરી દરમ્યાન **કુલ દુકાનો–૫૦** નું ડિમોલીશન કરી આશરે **૧૯,૧૦૦ ચો.ફુટ** રસ્તાની જગ્યાનો કબ્જો મેળવવામાં આવેલ છે.

## પ્રેસ નોટ

સાઉથ ઝોન (ઉધના) ના સમાવિષ્ટ વિસ્તારો પૈકી પાંડેસરા તેમજ ભેસ્તાન અદ્યૌગિક મિલકતોના બાકી વેરો ભરપાઈ ન કરવાને કારણે સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા તા.૧૭/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૩ ટીમ બનાવી જે મિલકતોના વેરા બાકી હોય તેવી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે જે અંતર્ગત તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ કુલ ૫૫ મિલકતો પૈકી ૧૮ મિલંકતોને સીલ મારવામાં આવેલ છે. તેમજ સદર કાર્યવાહી દરમ્યાન કુલ રૂા.૨૦ લાખથી વધુ મિલકત વેરો વસુલ કરવામાં આવેલ છે. તથા આજરોજ રૂા.૪૦,૨૫,૦૦૦/- વસુલાત ઉધના ઝોને કરેલ છે.

તેમજ વ્યવસાયવેરા વિભાગ ધ્વારા કુલ ૧૩ મિલકતોને નોટીસ આપી ૮ નવી એન્ટ્રીઓ દાખલ કરી કુલ રૂા.૨,૬૩,૨૩૧/- ની વસુલાત કરેલ છે તથા આજ રોજ રૂા.૬,૯૮,૪૨૯/- વસુલાત ઉધના ઝોનના વ્યવસાયવેરા વિભાગે કરેલ છે. સાઉથ ઝોન (ઉધના) ધ્વારા મિલકત વેરો અને વ્યવસાય વેરો ન ભરતી સંસ્થાઓને તાકીદે પોતાનો બાકી વેરો ભરી દેવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
૧૯/૦૧/૨૦૧૮
સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં.

702